# RAJKOT MUNICIPAL CORPORATION
## e-Tender No.RMC/WW/24-25/Pipeline Zone 2

## Bid Documents For

**Zonal Contract for Pipeline Maintenance & New Pipeline work in Filter Plant, ESR-GSR, Pumping Station and relavent Area of Zone under Water Management Unit in combined zone of EAST ZONE [zone iii] & Nyara-Hadala-Bedi area (Zone-iv) for the Year 2025-26**

| Milestone dates for e-tendering is as under | |
|---|---|
| 1. Downloading of e-Tender documents | 05/03/25 To 19/03/25 up to 17.00 Hrs |
| 2. Pre-bid Meeting | 12/03/25 at 11.00 Hrs onwards At Central Zone Office RMC |
| 3. Last Date of Online submission of e – Tender | Before 19/03/25 at 18.00Hrs. |
| 4. Physical Submission of EMD, Tender fee and affidavit. | 19/03/25 to 21/03/25 Upto 18:00 Hrs |
| 5. Opening of online Primary Bid (Technical Bid) | 24/03/25 at 11.00Hrs. onwards |
| 6. Verification of submitted documents (EMD, e-Tender fee, documents required for prequalification and other necessary documents) | 25/03/25 Onwards. |
| 7. Agency should remain present in person along with original documents for verification | 26/03/25 between 16.00 to 18.00 Hrs. |
| 8. Opening of Commercial Bid (Price Bid) of technically qualified bidders only. | 27/03/25 at 11.00 Hrs,onwards(if possible) |
| 9. Bid Validity | 120 Days |

**Addi.City Engineer**
Water Management Unit,
Rajkot Municipal Corporation,
Central Zone, 2nd Floor, Room No.6,
Dr.Ambedkar Bhavan, Dhebarbhai Road,
RAJKOT - 360 001.



**Signature of bidder with seal:**

**Rajkot Municipal Corporation**

**:: *e*-Tender Notice ::**

Rajkot Municipal Corporation, Water Works Department, Dr. Ambedkar Bhavan, Dhebarbhai Road, Rajkot-360001, invites e-Tenders with two bid system by e-tendering from the contractors registered in State Government / Central Government in appropriate class for the following works:

**Zonal Contract for Pipeline Maintenance & New Pipeline work in Filter Plant, ESR-GSR, Pumping Station and relavent Area of Zone under Water Management Unit in combined zone of EAST ZONE [zone iii] & Nyara-Hadala-Bedi area (Zone-iv) for the Year 2025-26**

| Milestone dates for e-tendering is as under | |
|---|---|
| 1. Downloading of e-Tender documents | 05/03/25 To 19/03/25 up to 17.00 Hrs |
| 2. Pre-bid Meeting | 12/03/25 at 11.00 Hrs onwards At Central Zone Office RMC |
| 3. Last Date of Online submission of e – Tender | Before 19/03/25 at 18.00Hrs. |
| 4. Physical Submission of EMD, Tender fee and affidavit. | 19/03/25 to 21/03/25 Upto 18:00 Hrs |
| 5. Opening of online Primary Bid (Technical Bid) | 24/03/25 at 11.00Hrs. onwards |
| 6. Verification of submitted documents (EMD, e-Tender fee, documents required for prequalification and other necessary documents) | 25/03/25 Onwards. |
| 7. Agency should remain present in person along with original documents for verification | 26/03/25 between 16.00 to 18.00 Hrs. |
| 8. Opening of Commercial Bid (Price Bid) of technically qualified bidders only. | 27/03/25 at 11.00 Hrs,onwards(if possible) |
| 9. Bid Validity | 120 Days |

1. All bidders must submit a bid security amounting to Rs.2,00,000/- FOR ZONAL WORK in person as above (after providing the online details of the same), either directly deposit in ICICI Bank, Branch-Jai Hind Press, Rajkot. Account No. 015305010638 (Rajkot Municipal Corporation) IFSC Code ICIC0000153 or submit at the below mentioned address in form of Demand Draft in favour of "Rajkot Municipal Corporation", Rajkot, from any Nationalized Bank or Scheduled Bank (except Co-operative Bank) in India. The submission of required documents should be submitted at the following address by **Regd.Post only**:

**Addi.City Engineer**
Water Management Unit,
Rajkot Municipal Corporation,
Central Zone, 2nd Floor, Room No.6,
Dr.Ambedkar Bhavan, Dhebarbhai Road,
RAJKOT - 360 001.



**Signature of bidder with seal:**

2. The e-tender fee for Zonal work, amounting to Rs.1125/- will be accepted in form of Demand Draft only, in favor of "Rajkot Municipal Corporation" Rajkot, from any Nationalized Bank or Scheduled Bank (except Co-operative Bank) in India and must be delivered to above address.

3. The time limit for the work is **12 MONTHS**.

4. **The prequalification requirement is as under**:

**i) Financial Criteria:**

1. An average annual turnover of last seven years should not be less than Rs.15.00 lacs.
2. Working capital and Solvency should not be less than Rs.4.50 lacs.
3. Class of Registration: Class-E2 & Above.

**Note :**

Enhancement factor at 10% per year for last seven years will be applicable to arrive average annual turnover and finalize the magnitude of work done in last seven years.

**ii) Experience Criteria:**

The bidder shall have to arrange welding & cutting machine, generator set, 2 or more dewatering set etc. above equipments along with operator from local market at on rent basis bare by agency. The bidder should possess following minimum experience:

[a] Bidder having completed at least a one year zonal work of maintenance of PIPELINE in RMC (annual total work done) will be considered.

OR

Bidder should have completed one PIPELINE work of similar nature(B.W.S.C., D.I.,C.I.,M.S.,R.C.C. and A.C. pressure type 300mm dia or above pipeline as a new work or repairing work.) Amounting of Rs.3.00 lacs of any Government or Semi-Government department as a main contractor in period of last seven years.

5. The experience of Private Limited Company will not be acceptable.

6. The contractor shall have to submit "Declaration" on Non-Judicial Stamp Paper/e-Stamp Paper of Rs.300/- duly Notarized stating that he is nowhere Black Listed, terminated, suspended, debarred, in any case detached from govt. work contract and no Police complaint is lodged against him and that the documents submitted for verification are true and Real in nature.

7. The details of Proprietor and I.D.Proof shall have to be submitted along with Registration details.

8. All The documents shall be submitted in electronic format only through online by scaning.

9. The agency of Partnership nature shall have to submit Registered Partnership Deed.

10. The bidder shall have to pay the Professional Tax for current financial year imposed by Government of Gujarat, and also the bidder shall have to produce Enrollment Certificate for the same.

11. The contractor shall have to quote their rates Excluding GST. Agency will be paid GST Extra at prevailing rate of GST at the time of work. The Invoice with break-up of GST is to be submitted accordingly. Failing to which such amount will be deducted from the bill of the agency and deposited accordingly.



**Signature of bidder with seal:**

The contractor shall have to purchase the material required for this tender work, only from the supplier having registered GST Number. RMC will not be responsible to pay any amount towards GST if the material is purchased from the unregistered supplier / not having GST Number.

12. All bidders are instructed to super scribe "Name of the work" on the envelope submitted.

13. The bidder shall have to submit Employees Provident Fund Registration Number/Certificates and E.S.I.C. Registration Number/Certificates details with tender documents.

14. All bidders shall have to be compulsory followed/fulfilled all ULB, state government and central government rules and regulation declare for present and future.

15. Commissioner, Rajkot Municipal Corporation, Rajkot, reserves the right to accept / reject any or all e-tender(s) without assigning any reasons thereof.

**Addi. City Engineer**
Water Management Unit
Rajkot Municipal Corporation



_____________________________

**Signature of bidder with seal:**

**રાજકોટ મહાનગરપાલિકા**
**વોટર વર્કસ શાખા**
**શરતો અને સમજુતી.**
**(ઝોનનો વિસ્તાર)**

સને ૨૦૨૫-૨૦૨૬ નાં વર્ષ માટે, રાજકોટ મહાનગરપાલિકાના ઈસ્ટ ઝોનમાં આવેલ આજી ફિલ્ટર પ્લાન્ટ, દુધસાગર હેડવર્કસ, પ્રધ્યમન પાર્ક, રાંદરડા તળાવ, માર્કેટીંગ યાર્ડ હેડવર્કસ, ગ્રીનલેન્ડ હેડવર્કસ, કોઠારીયા-હુડકો હેડવર્કસ, તિરૂપતી હેડવર્ક્સ, સ્વાતિ પાર્ક હેડવર્ક્સ, નારાયણનગર હેડવર્ક્સ, લાલબહાદુર હેડવર્ક્સ, વિનોદનગર હેડવર્ક્સ, લાપાસરી ડેમ વિગેરે જગ્યા માટેનાં તથા ન્યારા-હડાળા-બેડી ઝોનમાં આવેલ ન્યારા સમ્પ, **SRP** કેમ્પ હેડ વર્કસ, ઘંટેશ્વર હેડવર્કસ, **FCI** ગોડાઉન રોડ **ESR**, રૈયાધાર હેડવર્કસ, બજરંગવાડી તથા રેલનગર હેડવર્કસ તરફ જતી પા.લા. તથા બેડી-હડાળા હેડવર્કસ વિગેરે જગ્યા માટેનાં વાર્ષિક ધોરણે પાઈપલાઈન/વાલ્વ રીપેરીંગ તથા નવી પાઈપલાઈન નાખવાનાં ઝોનલ કોન્ટ્રાક્ટ કામ ઉપરાંત લગત એન્જીનીયરશ્રી સૂચવે તેવા નવા પાઈપલાઈનના કામ માટે વાર્ષિક ધોરણે ઝોનલ કોન્ટ્રાક્ટ કામ આપવા બાબત.

## શરતો અને સમજુતી

**આ ઝોનલ કામ રાખનાર એજન્સીને જે તે ઝોન માટેના ઝોનલ કોન્ટ્રાકટરશ્રી તરીકે ઓળખવામાં આવશે. આ કામ માટે ૨૦૨૩-૨૪ નાં રાજકોટ મહાનગરપાલીકાના મંજુર થયેલ કઇફઇચઇ ને આધાર (બેઇઝ) રાખીને તૈયાર કરાયેલ છે. જે ધ્યાને લઈને કોન્ટ્રાક્ટરશ્રીઓએ ભાવો ભરવાના રહેશે.**

1. લેબર કાયદા અનુસાર તેમજ લેબર કાયદાના વખતો વખતના સુધારા મુજબ, આવશ્યક જણાયે, કોન્ટ્રાકટરશ્રીએ સરકારશ્રીના લેબર એક્ટ મુજબ લેબર લાયસન્સ લેવાનું રહેશે તથા ઇન્સ્યુરન્સ લેવાનો રહેશે. લેબર કાયદા અનુસાર કોન્ટ્રાક્ટરશ્રીએ કર્મચારી પ્રોવિડન્ટ ફંડ (ઈ.પી.એફ.) તથા ઈ.એસ.આઈ.સી. રજીસ્ટ્રેશન નંબર/સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ તેમના હસ્તકના કામદારોને ઈ.એસ.આઈ. એક્ટ હેઠળ મળવાપાત્ર તમામ લાભો આપવાના રહેશે. કોન્ટ્રાક્ટરશ્રીએ ઈ.એસ.આઈ.એક્ટનાં જે તે સમયે પ્રવર્તમાન તમામ ધારાધોરણોનું પાલન કરવાનું રહેશે
2. જરૂર જણાયે સરકારશ્રીના કાયદા મુજબ ટી.આઈ.એન.(ટીન નંબર) લેવાનો રહેશે.
3. કોન્ટ્રાક્ટરે પોતે રાખેલ કારીગરો/લેબર ને મિનિમમ વેઈજીસ એકટ મુજબ વેતન આપવાના રહેશે. તેમજ સબંધક લેબર કાયદાઓનું પાલન કરવાનું રહેશે. આ ઉપરાંત, સરકારશ્રીના વખતો વખતના અન્ય કાયદાઓનું પાલન કરવાની તેમજ જરૂરીયાત મુજબના લાયસન્સ મેળવવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. આ કાયદા કાનુન કે લાયસન્સ લેવા બાબતે વખતો વખત જે કોઈ ફેરફાર થાય, તેને અનુસરી તેનો અમલ કરવાનો રહેશે. તેમજ પોતે રાખેલા કારીગરો, રીપેરીંગ કામ સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓ, વાલ્વ ઓપરેટર, કામની આસપાસનાં ઈમારતો, જાહેર નાગરીકો વિગેરેને રીપેરીંગ કામ સબંધિત તમામ પ્રકારની જાન – માલની સંપૂર્ણ સુરક્ષા સામે કરારની તારીખથી નવો કરાર ન થાય ત્યાં સુધી સરકારશ્રીનાં લાગુ પડતાં તમામ ધારા ધોરણ

અનુસાર જાહેર મિલકત નુકશાન - અકસ્માત - મેડીકલ – જીવન સુરક્ષા વીમા કવચ એજન્સી તરફથી આપવાનું રહેશે. જેનું પેમેન્ટ અલગથી કરવામાં આવશે નહિ.

4. સઘળા માલની ફી, રોયલ્ટી, સેલ્સ ટેક્સ (વેલ્યુ એડેડ ટેક્સ), જી.એસ.ટી તથા સરકારશ્રીના તમામ પ્રકારના ટેક્સ કે ફી આ પ્રકારના કામોને લગત વિભાગોમાં ચુકવવાની, ભરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. કોન્ટ્રાક્ટરે ભરેલ ભાવમાં જી.એસ.ટી. સિવાય ના તમામ પ્રકારના ટેક્સ વિગેરેનો સમાવેશ થયેલ ગણી લેવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા આ બાબતે કોઈ વધારાનું ચૂકવણું કરશે નહિ. સરકારી નિયમ મુજબ ઇન્કમટેક્સ કે અન્ય ટેક્સ કોન્ટ્રાક્ટરનાં બિલમાંથી કપાત કરવામાં આવશે. તેમજ કોન્ટ્રાકટની મુદત દરમ્યાન સરકારશ્રી તરફથી કોઈ પણ નવા ટેક્સ કે ટેક્સમાં કોઈ ફેરફાર થશે તો તે કોન્ટ્રાક્ટરશ્રીને બંધનકર્તા રહેશે અને તે મુજબ બિલમાંથી કપાત કરવામાં આવશે.
5. દરેક કામગીરી ટેકનીકલ સ્પેસીફીકેશન મુજબ કરવાની.રહેશે. કોન્ટ્રાક્ટર જે માલ વાપરે તે એસ.ઓ.આર.માં દર્શાવેલ નિયત ધોરણ મુજબનો તેમજ સૂચના મુજબનો હોવો જોઈશે. આ માલ વાપરતા પહેલા લગત ડેપ્યુટી એકઝી.એન્જીનીયરની મંજુરી લેવાની રહેશે. કામની અગત્યતા ધ્યાને લઇ કેટલા સમયમા પૂર્ણ કરવું તે બાબત તથા કામ અથવા તેમાં વપરાતા માલ સામાન બાબતે કાર્યપાલક ઈજનેર/એડી.સિટી એન્જી./ સિટી એન્જી. કે સમકક્ષ અધિકારી જે ઠરાવ-નિર્ણય કરે તે આખરી ગણવાનો રહેશે.
6. કોન્ટ્રાક્ટરે કરેલ કામના મેઝરમેન્ટ સબંધિત એન્જીનીયર પાસે લેવડાવી બિલ તથા બિલ બનાવવા અંગેની માંગણી લેખીતમાં દિવસ-૮મા રજુ કરવાની રહેશે. અન્યથા આ કામે શાખા દ્વારા એક તરફી માપ લઈને બિલ બનાવી ચુકવણું કરવામાં આવશે. જે કોન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે તેમજ તે બાબતે કોન્ટ્રાક્ટરનો કોઈ વાંધો/વિરોધ કે બિલ મોડા મળવા/ સમયસર ન મળવા અંગેની ફરિયાદ માન્ય રહેશે નહિ.
7. કોન્ટ્રાક્ટરે પોતાના તમામ કામદાર/ રોજમદાર/ તમામ વ્યક્તિ પૈકી કોઈપણ વ્યક્તિને ચાલુ કામ દરમ્યાન થયેલ ઇજા/ મૃત્યુ સુધીના તમામ પ્રકારના કિસ્સા માટે સઘળા પ્રકારનો ખર્ચ કરવું પડે કે બદલો આપવો પડે તો તે અંગેની સઘળી જવાબદારી ફક્ત ઝોનલ કોન્ટ્રાક્ટરનાં શિરે રહેશે. આ ઉપરાંત ચાલુ કામે અન્ય કોઈ પણ વ્યક્તિને કામના કારણે થયેલી ઇજા/મૃત્યુ સુધીના તમામ પ્રકારના કિસ્સા માટે કોઈ ખર્ચ કરવું પડે કે બદલો આપવો પડે, તો તે અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાક્ટરનાં શિરે રહેશે. આ તમામ બાબતે યોગ્ય ખર્ચ કરવા કે બદલો આપવામાં કોન્ટ્રાક્ટર નિષ્ફળ નીવડે તો તેવા સંજોગોમાં તે ખર્ચ કે બદલો રાજકોટ મહાનગરપાલિકાએ કોઈપણ વિભાગમાંથી તે કોન્ટ્રાક્ટને ચુકવવાના થતા પેમેન્ટમાંથી/સી.ડી.માંથી કપાત કરી ચૂકવવા માટે રાજકોટ મહાનગરપાલિકા વતી શાખા અધિકારીશ્રી કે તેથી ઉપરના અધિકારીશ્રીઓને અબાધિત અધિકાર રહેશે.
8. કોન્ટ્રાકટરે ૧૮ વર્ષથી ઓછી ઉમરની કોઈ વ્યક્તિને કામ પર રાખવાની નથી. આજ રીતે ડેપ્યુટી એકઝી. એન્જીનીયરશ્રી /મ.ઈ.શ્રી./અ.મ.ઈ.શ્રી જે વ્યક્તિને કામ પર રાખવાની મનાઈ કરે તે વ્યક્તિને કામ પર રાખવાની નથી.
9. કામ ચાલુ કરવા માટે વર્ક ઓર્ડર આપવામાં આવશે. જેમા દર્શાવેલ સમય મર્યાદામાં દરેક કામ પુરૂ કરી આપવાનું રહેશે. ઇમરજન્સી કામો માટે ટેલીફોનીક સૂચના/ વોટ્સ એપથી કામ સોપી શકાશે. જે વર્ક ઓર્ડર આપ્યા બરાબર ગણી શકાશે.



**Signature of bidder with seal:**

**10.** વર્ક ઓર્ડરમાં દર્શાવેલ મુદ્દત દરમ્યાન કામ પૂરૂ નહિ કરવામાં આવે તો કમિશનરશ્રીના આદેશ મુજબ નીચે મુજબની વિગતે બિલમાંથી કપાત કરવામાં આવશે.

a) રૂ.૧,૦૦૦/-સુધીનાં કામે પેનલ્ટી દર એક દિવસના રૂ.૩૦/-.

b) રૂ.૧,૦૦૧/- થી રૂ.૨,૫૦૦/- સુધીનાં કામે પેનલ્ટી દર એક દિવસના રૂ.૪૫/-.

c) રૂ.૨,૫૦૧/- થી રૂ.૫,૦૦૦/- સુધીનાં કામે પેનલ્ટી દર એક દિવસના રૂ.૬૫/-.

d) રૂ.૫,૦૦૧/- થી રૂ.૭,૫૦૦/- સુધીનાં કામે પેનલ્ટી દર એક દિવસના રૂ.૧૦૦/-.

e) રૂ.૭,૫૦૧/- થી રૂ.૧૦,૦૦૦/- સુધીનાં કામે પેનલ્ટી દર એક દિવસના રૂ.૧૨૦/-.

f) રૂ.૧૦,૦૦૧/- થી રૂ.૨૫,૦૦૦/- સુધીનાં કામે પેનલ્ટી દર એક દિવસના રૂ.૧૫૦/-.

g) રૂ.૨૫,૦૦૧/- થી રૂ.૫૦,૦૦૦/- સુધીનાં કામે પેનલ્ટી દર એક દિવસના રૂ.૨૦૦/-.

h) રૂ.૫૦,૦૦૧/- થી રૂ.૧,૦૦,૦૦૦/- સુધીનાં કામે પેનલ્ટી દર એક દિવસના રૂ.૨૫૦/-.

i) રૂ.૧,૦૦,૦૦૧/- થી રૂ.૨,૦૦,૦૦૦/- સુધીનાં કામે પેનલ્ટી દર એક દિવસના રૂ.૫૦૦/-.

j) રૂ.૨,૦૦,૦૦૧/- થી રૂ.૫,૦૦,૦૦૦/- સુધીનાં કામે પેનલ્ટી દર એક દિવસના રૂ.૧૦૦૦/-.

નોંધ: વધુમાં વધુ પેનલ્ટી કામની રકમના ૧૦ ટકા મુજબ લેવાની રહેશે.

**11.** કામ કરતી વખતે કોઈ માલ સામાન નડતરરૂપ ન થાય તે રીતે કામ કરવાનું રહેશે.

**12.** આ કામે અર્નેસ્ટ મની ડીપોઝીટ રૂ.૨,૦૦,૦૦૦/- પે-ઓર્ડર/ડી.ડી. થી ભરવાની રહેશે.

**13.** ભાવ રજુ કરનાર કોન્ટ્રાક્ટર પૈકી સફળ કોન્ટ્રાક્ટરે અત્રેથી જાણ કર્યેથી દિવસ-૭માં સિક્યુરિટી ડીપોઝીટ રૂ.૫,૦૦,૦૦૦/ ઝોન વાઈઝ નેશનલાઈઝડ બેંક/શેડ્યુલ્ડ બેન્કનો ફિક્સ ડીપોઝીટ સ્વરૂપે ૧૮ માસની મુદત માટેનો ભરી રાજકોટ મહાનગરપાલીકાની તરફેણમાં સ્ટેમ્પ એક્ટ મુજબ કરારનામું કરી આપવાનું રહેશે. આ બાબતે અપાયેલ સૂચના અન્વયે નિયત સમયમાં આ પ્રક્રીયા નહિ અનુસરાયે કોન્ટ્રાક્ટરની અર્નેસ્ટ મની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ આ કામ માટે ડિસ-કવોલીફાય કરવામા આવશે

**14.** કામ સુધારા વધારા કરાવવા કે કામ ઓછું વત્તું કરાવવા અંગે લગત ઝોન/વિસ્તારના એડી.સિટી એન્જીનીયરશ્રી/સિટી એન્જીનીયરશ્રી/કાર્યપાલક ઈજનેરશ્રીનો નિર્ણય આખરી રહેશે.

**15.** સિક્યુરિટી ડીપોઝીટ તરીકે ભરેલ રકમ કામ પૂરૂ થયાની તારીખથી ૯૦(નેવું) દિવસ બાદ પરત આપવામાં આવશે. સોંપાયેલ કામ બરાબર ન થયેલ અથવા નુકશાન થયેલ માલુમ પડશે, તો તે કામ કોન્ટ્રાક્ટરે દુરસ્ત કરી આપવાનું રહેશે. આમ કરવામાં કોન્ટ્રાક્ટર ધ્યાન નહિ આપે કે નિષ્ફળ નીવડશે તો તે કામ રાજકોટ મહાનગરપાલિકા કોન્ટ્રાક્ટરનાં ખર્ચે અને જોખમે અન્ય કોન્ટ્રાક્ટરશ્રી મારફત કરાવી શકશે. તથા તે માટે થયેલ ખર્ચ કોન્ટ્રાક્ટની સિક્યુરિટી ડીપોઝીટ અથવા કરેલ તે જ કે અન્ય કામના કોન્ટ્રાક્ટરનાં નીકળતા પેમેન્ટ બિલમાંથી કપાત કરવામાં આવશે. સદરહુ બાબતે તે કામના લગત એડી.સિટી એન્જીનીયરશ્રી/સિટી એન્જીનીયરશ્રી/કાર્યપાલક ઈજનેરશ્રીનો નિર્ણય આખરી ગણાશે તેમજ જે તે નિર્ણયકર્તાને સિક્યુરિટી ડીપોઝીટ જપ્ત કરવાની સત્તા રહેશે. સદરહુ બાબતે કોઈપણ વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

**16.** કામ ઉપર કોન્ટ્રાક્ટરે પોતે અથવા તેમના અધિકૃત પ્રતિનિધિને કામ ઉપર અથવા ઓફિસમાં હાજર રાખવાનો રહેશે. પોતે હાજર ન રહી શકવાના કિસ્સામાં લગત કામના કાર્યપાલક ઈજનેર કે સમકક્ષ અધિકારીની મંજુરી મેળવી પ્રતિનિધિ નિયુક્ત કરવાનું ફરજીયાત છે. આ ઉપરાંત ૨૪ કલાક માટે અર્જન્ટ



**Signature of bidder with seal:**

કોન્ટેક્ટ થઇ શકે તે પ્રકારનું મોબાઈલ ટેલિફોન/વોટ્સએપ સોફ્ટવેર ધરાવવાનો રહેશે તથા ટુ વ્હીલર વાહન અને સિટી વિસ્તારના બહારના ઝોન માટે ફોર વ્હીલર વાહન કરવાની વ્યવસ્થા તથા તેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

**17.** કોન્ટ્રાક્ટરે અથવા કામના કોન્ટ્રાક્ટરના પ્રતિનિધિએ કચેરી કામકાજના દિવસો દરમ્યાન નિયમિતપણે સાંજે ૫.૦૦ થી ૬.૦૦ દરમ્યાન રૂબરૂ આવવાનું રહેશે અથવા સૂચના મુજબનાં સમયે હાજર રહેવાનું રહેશે. કોન્ટ્રાક્ટરે પોતાનો મોબાઈલ નંબર અવશ્ય જણાવવાનો રહેશે.

**18.** કોન્ટ્રાક્ટરે તેમને સોંપાયેલ ઝોનના કામની સમજુતી મેળવવા, ચાલુ કરવા કે ચાલુ કામમાં પ્રોગ્રેસ બાબતે સાઈટ એન્જીનીયર સાથે ચર્ચા કરવા સૂચના મુજબના સમયે સાઈટ ઉપર/ઓફીસે હાજર રહેવાનું રહેશે.

**19.** કામ પૂરૂ થયા બાદ કોન્ટ્રાક્ટરે સાઈટ બરાબર સાફ કરી આપવાની રહેશે. જેમા કસુર થયે કોન્ટ્રાક્ટરનાં ખર્ચે અને જોખમે રાજકોટ મહાનગરપાલિકા તરફથી સાઈટ સાફ કરાવી લેવામાં આવશે.

**20.** નામંજુર કરાયેલ કામ કે માલસામાન ૨૪ કલાકમાં અત્રેની સૂચના અનુસાર કોન્ટ્રાક્ટરે સુધારી કે ખસેડી આપવાનો રહેશે.

**21.** ઝોનમાં પાઈપલાઈનનાં રીપેરીંગ કામ પહેલા/દરમ્યાન/પછી રીપેરીંગ કામની ચકાસણી માટે જરૂરી/લગત/અસરકરતા વિસ્તારના તમામ વાલ્વ, જરૂરિયાત મુજબ ફ્લશ વાલ્વ વીગેરે ખોલ-બંધ કરવાની જવાબદારી રીપેરીંગ કામ કરનાર એજન્સીની રહેશે. વાલ્વ ખોલ-બંધ કરવા માટે જરૂરી સાધન-સામગ્રીની વ્યવસ્થા પણ એજન્સીએ કરવાની રહેશે. જેનું અલગથી પેમેન્ટ આપવામાં આવશે નહિ.

**22.** માલ-સામાનથી કે કામને કારણે રસ્તા, ઓપન ગટર, ગેસ પાઈપ લાઈનલ અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ, ઈલેક્ટ્રીસિટી વ્યવસ્થા, ટેલિફોન કેબલ વિગેરે ખાનગી કે જાહેર માલ-મિલકતોને નુકસાન ન થાય, વાહન વ્યવહાર, રાહદારીને નુકસાન કે તકલીફ ન પડે તે માટે તથા ઓપન ગટર કે વોકળાના વહેણને અવરોધ ઉભો ન થાય, તે જોવાની તથા તે માટે જરૂરી સાધન સામગ્રી જેવી કે સૂચના બોર્ડ, આડસ, બેરીકેટ દીવાબત્તી કે વ્યક્તિની વ્યવસ્થા સહિતના સલામતીના તમામ પગલા લેવાની જવાબદારી કોન્ટ્રાક્ટર ઉપર રહેશે. તેમજ કામગીરી દરમ્યાન/કામગીરી માટે ટ્રાફિક અંગેની તમામ વ્યવસ્થા માટે લગત ટ્રાફિક પોલીસ વિભાગ સાથે સંકલન કરી જરૂરી વ્યવસ્થા એજન્સીને કરવાની રહેશે. જેનું અલગથી પેમેન્ટ આપવામાં આવશે નહિ.

**23.** કોન્ટ્રાક્ટર તરીકે એકથી વધુ વ્યક્તિ કે સંસ્થા હોય, તો જે તે વખતે રજીસ્ટ્રાર ઓફ ફર્મસમાં રજીસ્ટર થયેલ હોય તેવા ભાગીદારી ખતની (રજીસ્ટર્ડ પાર્ટનરશીપ ડીડ) નકલ રજુ કરવાની રહેશે.

**24.** કોઈપણ કામમાં એક્સ્ટ્રા આઇટમ થશે જે આઈટમોનો ભાવ રાજકોટ મહાનગરપાલિકાનાં એસ.ઓ.આર.માં ઉપલબ્ધ નહિ હોય તેવી આઈટમ માટે એન્જિનિયરીંગ (સ્ટોર)નાં રેઈટ કોન્ટ્રાક્ટમાં/મીકેનીકલ વિભાગના રેઈટ કૉન્ટ્રાક્ટ /R &B, G.W.S.S.B સહીતના સરકારી વિભાગના એસ.ઓ.આર.માં, તે આઇટમ માટે ઉપલબ્ધ ભાવ હોય તો તે મુજબ જે તે વર્ષ ના એસ.ઓ.આર મુજબ માન્ય ગણીલ આ કૉન્ટ્રાક્ટ મા ભરેલ ભાવ મુજબ ચુકવવામા આવશે. તેમા પણ ઉપલબ્ધ ભાવ ન હોય તેવી આઇટમ માટે યોગ્ય માર્કેટ રેઈટ આપવામાં આવશે જે કોન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.

**25.** કોન્ટ્રાક્ટરને સોપવામાં આવેલ કામની યોગ્ય ઝડપ નહિ જણાયે કે નિયત સમયમાં પૂરૂ ન કરેલ હોવાનું જણાયે ધોરણસર પેનલ્ટી વસુલ કરવામાં આવશે. આ બાબતનો પત્ર વ્યવહાર કોન્ટ્રાક્ટર સાથે સાદી



**Signature of bidder with seal:**

પોસ્ટથી/ટેલીફોનીક/વોટ્સએપ/રાજકોટ મહાનગરપાલિકાનાં કર્મચારી મારફત કરાવી શકાશે જે નિયમાનુસાર બજ્યા બરાબર ગણાશે.

**26.** જે કિસ્સામાં ઝોનલ કોન્ટ્રાક્ટર કામ કરવામાં સક્ષમ ન હોય તેવું માલુમ પડે અથવા કોન્ટ્રાક્ટર ઈરાદાપૂર્વક આ કામ કરવાનું ટાળે છે તેવું એકઝી.એન્જીનીયરશ્રીળસિટી એન્જીનીયરશ્રી કે સક્ષમ અધિકારીશ્રીને માલુમ પડે અન્ય ઝોનલ કોન્ટ્રાક્ટર પાસે મંજુર થયેલ ભાવથી પેરેલલ કોન્ટ્રાક્ટર તરીકે કામ આપવામાં આવશે. પેરેલલ કોન્ટ્રાક્ટર તરીકે કામ આપવાની સતા એકઝી.એન્જીનીયરશ્રીળસિટી એન્જીનીયરશ્રી કે સક્ષમ અધિકારીશ્રીની રહેશે. આવા કિસ્સામાં ઝોનલ કોન્ટ્રાક્ટર કામ ન કરે તો બે ઝોન પૈકીના ઉંચી ટકાવારી મુજબ ઇમરજન્સી કામ બીજા કોન્ટ્રાક્ટર પાસે કરાવી શકાશે, પરંતુ તેવા ઊંચા ભાવથી કરાવેલ કામોમાં તફાવતની રકમ સદરહુ કામ કરવા માટે બંધાયેલ મૂળ કોન્ટ્રાક્ટરની સી.ડી.માંથી કપાત કરવાની રહેશે. ઉપરાંત આવા કિસ્સામાં બીજા કોન્ટ્રાક્ટર અન્ય ઝોનમાં કરારબદ્ધ હોય તેને અલગ સિક્યોરિટી ડીપોઝીટ ભરવામાંથી તથા કરારનામું કરવામાંથી મુક્તિ આપવામાં આવશે.

**27.** રાજકોટ મહાનગરપાલીકાના સ્ટોર્સમાંથી મેળવેલ માલના તમામ ડોક્યુમેન્ટસ તથા તેની નકલો જાળવવાની રહેશે તેમજ તે ડોક્યુમેન્ટસ વખતો વખત એન્જીનીયરશ્રીને પહોચતા કર્યા બાદ જ બિલ પેમેન્ટની કાર્યવાહી થઇ શકશે. લીધેલ માલ સામાનની રકમ બિલમાંથી બાદ કરવામાં આવશે. કામમાં જરૂરીયાતથી ઓછો વાપરેલ માલ સામાન જમા કરાવવાનો ફરજીયાત રહેશે અન્યથા બિલમાંથી કપાત કરવામાં આવશે. ઉપરોકત બાબતે રાજકોટ મહાનગરપાલિકા પરીપત્ર જાવક નં.૨૮૯ ૧૨/૦૪/૨૦૧૮ ની અમલવારી કોન્ટ્રાક્ટરશ્રીએ ચુસ્તપણે કરવાની રહેશે.

**28.** કરારનામામાં કોન્ટ્રાક્ટરે નિયુક્ત કરેલ પ્રતિનિધિની નિયુક્તિની વિગતો તથા મોબાઈલ નંબર અને બેંક નામ સહિતના કરંટ એકાઉન્ટનાં નંબર તેમજ પાન નંબરની વિગતો આપવાની રહેશે. કોન્ટ્રાક્ટરનું ચૂકવવાનું થતું પેમેન્ટ તેમના કરંટ બેંક એકાઉન્ટમાં સીધું જમા કરવામાં આવશે.

**29.** એક સાથે એક કરતા વધુ કામોના વર્ક ઓર્ડર જરૂરિયાત મુજબ આપી શકાશે અને તે નિયત સમય મર્યાદામાં પૂરી કરવાની જવાબદારી એજન્સીની રહેશે..

**30.** કામની અગત્યતાને ધ્યાને રાખીએ કોઈ પણ સમયે કરવાનું કહેવામાં આવે તો તે કરવાનું રહેશે અને તે રીતે કરેલ કામ માટે કોઈ વધારાનો ભાવ આપવામાં આવશે નહિ.

**31.** કોન્ટ્રાક્ટરે બધો માલ પોતાના ખર્ચે સૂચિત સ્થળે લાવવાનો રહેશે. પાઈપ તથા સ્પેશ્યલનાં ચડાવતા કે ઉતારતા કોઈ નુકશાની થશે તો તેને માટે કોન્ટ્રાક્ટર પોતે જવાબદાર રહેશે.

**32.** દરેક પાઈપ તથા સ્પેશ્યલ બરાબર સાફ કરેલા અને કોઈ પણ જાતની ખામી વગરના સ્પેસીફીકેશન મુજબ હોવા જોઈએ. જો તેમાં કોઈ પણ જાતની ખામી જણાશે તો તે નામંજુર કરવામાં આવશે જે તે કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે સાઈટ પરથી દુર કરવાના રહેશે.

**33.** ખોદાણનો નીકળેલ ગાળ, માટી વિગેરે ઈન્ચાર્જ એન્જીનિયર દ્વારા સૂચવવામાં આવે ત્યાં કોન્ટ્રાક્ટરે નાખી પથરાણ કરી આપવાની રહેશે.

**34.** પાર્ટ-“એ” માલ-મટીરીયલમાં સમાવેશ કરેલ તમામ ભાવો સેન્ટ્રલ સ્ટોર્સ (એન્જી.)નાં રેઈટ કોન્ટ્રાક્ટ સને ૨૦૨૨-૨૩ મુજબના છે. જે એસ્ટીમેટ બનાવવા માટે બેઈઝ તરીકે લેવાના રહેશે. વોટર વર્કસ કામો માટે વાપરવાના થતા વોટર વર્કસ મટીરીયલ પૈકી એ.સી. પ્રેસર પાઈપ, સી.આઈ. પાઈપ, સી.આઈ.સ્લુઝ વાલ્વની આઈટમો એન્જીનીયરીંગ સ્ટોરમાંથી મેળવીને જ વાપરવાની રહેશે. આ આઈટમો કોન્ટ્રાક્ટર



**Signature of bidder with seal:**

સપ્લાય કરી શકશે નહિ. ઉપરાંત સ્ટોરમા ઉપલબ્ધ આઈટમો પૈકી સામાન્ય સંજોગોમાં વર્કસના એસ્ટીમેટનાં પાર્ટ-એ માં દર્શાવેલ મટીરીયલ એન્જીનીયરીંગ સ્ટોરમાંથી મેળવવાનું રહેશે. સંજોગ વસાત આ મટીરીયલ સ્ટોરમાંથી ઉપલબ્ધ ન થાય તો, તે કોન્ટ્રાક્ટરશ્રીએ જાતે વ્યવસ્થા કરવાની રહેશે. આ જ પ્રમાણે ઇમરજન્સી કામો માટે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ તાત્કાલિક ઉપયોગમાં લેવાના થતા મટીરીયલની પણ કોન્ટ્રાક્ટરશ્રીએ સપ્લાય કરેલ મટીરીયલને એસ્ટીમેટનાં પાર્ટ-બી માં સમાવિષ્ટ કરવાનું રહેશે અને આ પાર્ટ-બી ની રકમ ઉપર કોન્ટ્રાક્ટરનાં મંજુર થયેલ અપ-ડાઉન પર્સેન્ટેઈઝની અસર આપી કોન્ટ્રાક્ટરને ચુકવવામાં આવશે.

**35.** કોઈપણ કામનું મટીરીયલ ટેસ્ટીગ લેબોરેટરી ટેસ્ટીંગ કરવાની જરૂરત જણાય તો તે કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે વ્યવસ્થા ગોઠવી કરાવી આપવાનું રહેશે.

**36.** અન્ય તમામ શરતો તથા સ્પેશીફીકેશન પી.ડબલ્યુ.ડી./જી.ડબલ્યુ.એસ.એસ.બોર્ડ/ બી.આઈ.એસ.નાં સ્પેસિફિકેસન/ધારા ધોરણે તથા શરતો મુજબ સમજવાના રહેશે.

**37.** દરેક ઝોનલ કામમાં કામની મુદત કરારની તારીખથી એક વર્ષ રહેશે. જેને રાજકોટ મહાનગરપાલિકાની જરૂરીયાત મુજબ વિશેષ ૩ માસના સમયગાળા સુધી લંબાવી શકશે જે કોન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે તથા તે માટે કોઈ અલગ કરાર કરવાનો રહેશે નહિ. તેમજ અલગ સંમતી મેળવવાની પણ રહેશે નહિ જે કોન્ટ્રાક્ટરશ્રીને બંધનકર્તા રહેશે તેમજ જરૂર જણાયે ત્યારબાદ અરસપરસની સમજુતીથી માન. કમિશનર સાહેબની મંજુરી મેળવી આ કામ નવો કરાર ન થાય ત્યાં સુધી લંબાવી શકાશે.

**38.** રાજકોટ મહાનગરપાલિકાનાં કોઈપણ વોર્ડમાં, કંટ્રોલ રૂમમાં કે અન્ય કારણોસર માણસોની જ્યારે જ્યારે જરૂરિયાત જણાશે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાનાં લગત ઝોનના એન્જીનીયરશ્રીની સૂચના મુજબની સંખ્યામાં માણસો, સંબંધિત એજન્સી/કોન્ટ્રાક્ટરે પુરા પાડવાના રહેશે. જેનું ચૂકવાનું સરકારશ્રીનાં પ્રવર્તમાન રોજના દર ઉપરાંત ૧૫ ટકા વધુ એ મુજબના દરે ચુકવવામાં આવશે. રોજમદાર પાસે આઠ કલાક કામગીરી લેવામાં આવશે. ચાર કલાક સુધીની કામગીરી માટે અડધા રોજ મુજબનો દર ચુકવવામાં આવશે. તેમજ આ મજુર પાસે અન્ય વોર્ડમાં પણ કામ કરાવી શકાશે.

**39.** સંબંધિત એજન્સી/કોન્ટ્રાક્ટરે રાજકોટ મહાનગરપાલિકાનાં હદ વિસ્તાર બહારના ઝોન માટે ૨૪ કલાક માણસોની તથા વાહનની વ્યવસ્થા રાખવાની રેહેશે અને તેના માટે કોઈ અલગથી વધારાનું ચુકવણું કરવામાં આવશે નહી. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વાહનોની કોઈ વ્યવસ્થા કરી આપવામાં આવશે નહિ.

**40.** સામાન્ય સંજોગોમાં એક એજન્સીને એક જ ઝોનમા કામ આપવામાં આવશે. પરંતુ એક થી વધુ ઝોન ના કામ એક જ એજન્સીને આપવા અંગે રાજકોટ મહાનગરપાલિકાનાં સીટી એન્જીનીયરશ્રી કે સક્ષમ અધિકારીશ્રીને યોગ્ય જણાયે, એક કે તેથી વધુ ઝોનમાં કામગીરી એક એજન્સીને સુપ્રત કરી શકશે

**41.** આ કામે એજન્સીનાં કર્મચારીઓને રાજકોટ મહાનગરપાલિકા તરફથી કોઈ પણ જાતના પકડ, પાના કે અન્ય કોઈ સાધન સામગ્રી આપવામાં આવશે નહિ. જરૂરીયાત મૂજબ એજન્સીએ સુચના મુજબ જેસીબી, ઓછામાં ઓછા ૨ થી ૩  ડી વોટરીંગ સેટ, જનરેટર સેટ, વેલ્ડીંગ – કટીંગ મશીન જેવા સાધનો સ્વખર્ચે – ભાડાંથી  વસાવવાના / વ્યવસ્થા કરવાની રહેશે.



**Signature of bidder with seal:**

**42.** કોન્ટ્રાક્ટનાં સમયગાળા દરમ્યાન કોઈ પણ પ્રકારનો ભાવ વધારો મળશે નહિ તેવી સ્પષ્ટ સમજ સાથે ભાવ ભરવા.

**43.** એજન્સી દ્વારા રાજકોટ મહાનગરપાલિકામાં કામગીરી માટે ફાળવવામાં આવેલ કર્મચારી પાસેથી એક દિવસમાં આઠ કલાક થી વધુ કામ લઇ શકાશે નહિ.

**44.** એજન્સી દ્વારા પુરા પાડવામાં આવેલ કર્મચારીઓએ સબંધિત વોર્ડ ખાતેના રાજકોટ મહાનગરપાલિકાનાં સક્ષમ અધિકારીનાં નિયંત્રણ હેઠળ સુચના અનુસાર કામગીરી કરવાની રહેશે.

**45.** એજન્સી દ્વારા રાજકોટ મહાનગરપાલિકામાં કામગીરી માટે રોકવામાં આવેલ તમામ કર્મચારીઓના ફોટા, ઉંમર, શૈક્ષણિક લાયકાત, રહેણાંકનાં આધારો સાથે સંપૂર્ણ બાયોડેટા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિયત કરેલ નમુનામાં વખતો વખત રજુ કરવાના રહેશે.

**46.** એજન્સીના કર્મચારી/મજુર ની ગફલત કે અપ્રમાણીક્તાને લીધે ચોરી કે ઉઠાંતરી થાય અને તેને લીધે રાજકોટ મહાનાગરપાલીકાને આર્થિક કે અન્ય કોઈપણ પ્રકારનું નુકશાન થાય તો તે અંગેનું તમામ વળતર એજન્સીએ  ભરપાઈ કરી આપવાનું રહેશે. એજન્સીના કોઈપણ કર્મચારી/મજુર ની કાયદા વિરુદ્ધની કોઈ કામગીરી/વર્તન બાબતે તમામ જવાબદારી એજન્સીની રહેશે.

**47.** એજન્સીના કર્મચારી/મજુરો ની ક્ષતિ બાબતે રાજકોટ મહાનગરપાલિકાની કોઈ કાનૂની જવાબદારી થશે નહી. એજન્સી પોતે તે માટે જવાબદાર થશે.

**48.** એજન્સીએ કામગીરી દરમ્યાન રસ્તો બંધ કરવા માટે તેમજ સલામતી માટે સૂચનાનું બોર્ડ, આડસ/બેરીકેટીગ તેમજ રાત્રીબત્તીની વ્યવસ્થા સહિત સલામતીની સંપૂર્ણ વ્યવસ્થા કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે કરવાની રહેશે. તેને અભાવે થતી તમામ નુકશાન/અક્સ્માત ની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. કોઈ પણ કામના ખોદાણ કે અન્ય કામગીરી વખતે જરૂરિયાત મુજબ આડસની વ્યવસ્થા વ્યવસ્થિત રીતે કરવાની રહેશે., તેના અભાવે લોકોના જાન-માલને કોઈ પણ પ્રકારે નુકશાની/અક્સ્માત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે કોન્ટ્રાક્ટરશ્રીની રહેશે. રાજકોટ મહાનગરપાલિકાની આ અંગે કોઈ કાયદાકીય જવાબદારી રહેશે નહિ જેની સ્પષ્ટ નોંધ લેવાની રહેશે.

**49.** એજન્સી દ્વારા એક વખત ભાવ રજુ થયા બાદ તેમાં એજન્સીની સમજફેર કે શરતચૂકને કારણે ભાવમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહિ.

**50.** એજન્સીના કર્મચારીઓને સર્વિસને લગતા સરકારશ્રીનાં કે રાજકોટ મહાનગરપાલિકાનાં કોઈ નિયમો લાગુ પડશે નહિ.

**51.** શહેરની હદ બહારની મેઈન પાઈપ લાઈનો પર દિવસ કે રાત્રી દરમ્યાન જરૂર જણાયે પેટ્રોલિંગ માટે મજુર પુરા પાડવાના રહેશે તેમજ પેટ્રોલિંગ અર્થે મજુરોને જવા માટેની વાહન વ્યવસ્થા કોન્ટ્રાક્ટરશ્રીએ કરવાની રહેશે, જે માટેના વાહનનું કોઈ અલગથી ચૂકવણું કરવામાં આવશે નહિ.

**52.** ભાવ ભરનાર એજન્સીને આ કામે રજુ કરવાના થતા તમામ દસ્તાવેજો 'સ્વપ્રમાણીત/ખરી નકલ' કરી રજુ કરવાના રહેશે. આ ઉપરાંત અત્રેની કચેરી દ્વારા એજન્સીને જણાવવામાં આવેલ તારીખ અને સમય દરમ્યાન રજુ કરેલ તમામ દસ્તાવેજોની '**ઓરીજનલ**'(અસલ કોપી) વેરીફિકેશન કરાવવા હાજર રહેવાનું રહેશે.

**53.** વોટર વર્કસ એ આવશ્યક સેવા હોય, કોઈપણ સંજોગોમાં આ કામ કોન્ટ્રાક્ટરશ્રીને તાત્કાલિક કરી આપવાનું કહેવામાં આવે તો તે કામ લગત કોન્ટ્રાક્ટરશ્રીએ કરી આપવાનું રહેશે. અન્યથા સંબંધિત



**Signature of bidder with seal:**

કોન્ટ્રાક્ટરશ્રી સામે દંડનીય પગલા લેવા અંગેનો નિર્ણય સિટી એન્જીનીયરશ્રી કે તેને સમકક્ષ અધિકારી કરી શકશે.

**54.** જો રાજકોટ મહાનગરપાલિકા પાસે વોટર વર્કસ કામ અંગેના સાધન ઉપલબ્ધ હશે તો, ચાલુ હાલત (વર્કિંગ કન્ડીશન) માં ધોરણસર ડીપોઝીટ તેમજ ચાર્જ લઇ નિયમ મુજબ કોન્ટ્રાક્ટરને આપવામાં આવશે અને તે સાધનોમાં જો કોઇ નુકસાની થશે તો આ નુકશાન ભરપાઈ કરવાની તમામ જવાબદારી કોન્ટ્રાક્ટરનાં શીરે રહેશે.

**55.** રાજકોટ મહાનગરપાલિકાની કોન્ટ્રાક્ટ હેઠળના ઝોનમાં આવતી તમામ પ્રકારની પાઇપ્લાઇનમાં સૂચના મુજબનું તમામ કામ કરી આપવાનું રહેશે.

**56.** ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના જી.આર. નં.આર.સી.ડબલ્યુ.એ./૨૦૦૪/૮૪૧/એમ૩ તા.૩૦.૦૪.૦૬ ના ઠરાવ મુજબ શ્રમિકોનાં કલ્યાણ માટે લેબર સેસની રકમ પ્રવર્તમાન ધોરણે રાજકોટ મહાનગરપાલિકા રનીંગ બિલમાંથી કપાત કરશે તેમજ તેના માટે જરૂરી રજીસ્ટ્રેશન એજન્સીને સ્વખર્ચે કરવાનું રહેશે.

**57.** કોન્ટ્રાક્ટરે સરકારશ્રી  દ્વારા સુચ્વ્યા મુજબનો ચાલુ વર્ષનો પ્રોફેશનલ ટેક્ષ તથા અન્ય તમામ ટેક્ષ ભરવાનો રહેશે અને ભરપાઇ કર્યાની પહોચ રજુ કરવાનું રહેશે..

**58.** સરકારશ્રીના નિયમ મુજબ કોન્ટ્રાક્ટરશ્રીએ ઈ.એસ.આઈ.(એમ્પોઇઝ સ્ટેટ ઇન્સ્યોરન્સ) એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ/નંબર ટેન્ડર સાથે રજુ કરવાનો રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ તેમના હસ્તકના કામદારોને ઈ.એસ.આઈ. એક્ટ હેઠળ મળવાપાત્ર તમામ લાભો આપવાના રહેશે. કોન્ટ્રાક્ટરશ્રીએ ઈ.એસ.આઈ.એક્ટનાં જે તે સમયે પ્રવર્તમાન તમામ ધારાધોરણોનું પાલન કરવાનું રહેશે.

**59.** કાયદાકીય ન્યાયનું ક્ષેત્ર રાજકોટ શહેર રહેશે.

**60.** ઇમરજન્સી વખતે/તાત્કાલિક કરવાના કામોમાં એક થી વધુ કોન્ટ્રાક્ટરની જરૂર પડે તો મુળ કોન્ટ્રાક્ટર તથા અન્ય ઝોનના કોન્ટ્રાક્ટર પાસે જે-તે ઝોનના મંજુર થયેલ ભાવથી શાખાના વડા/એડી. સીટી એન્જીનીયરશ્રી /સીટી એન્જીનીયરશ્રી/કાર્યપાલક ઈજનેરશ્રીને યોગ્ય જણાશે તો ફક્ત જરૂરિયાત મુજબના કામોના એસ્ટીમેટ ચકાસણી કરી સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવી કામ કરાવી શકશે.

**61.** જે તે ઝોનમાં નવી પાઈપ લાઈન કે નવા હેડવર્કસ, પમ્પીંગ સ્ટેશન તથા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ વગેરેનું કામ પૂર્ણ થયે અથવા બીજી શાખા દ્વારા અત્રે સોપવામાં આવે તેવા તમામ કિસ્સામાં સક્ષમ અધિકારી દ્વારા સૂચવવામાં આવે ત્યારે સદરહું નવી પાઈપ લાઈન કે નવા હેડવર્કસની પાઈપલાઈનને લગત મેઇન્ટેનન્સ, રીપેરીંગ કામ અન્વયેની કામગીરી લગત ઝોનના કોન્ટ્રાક્ટરશ્રી દ્વારા કરી આપવાની રહેશે.

**62.** રાજકોટ મહાનગરપાલિકાનાં S.O.R.માં આપેલ દરેક આઈટમનું અંગ્રેજી ભાષામાં દર્શાવેલ વર્ણન માન્ય રાખવામાં આવશે. આમ છતાં આવા રાજકોટ મહાનગરપાલિકાનાં S.O.R.નાં વર્ણન બાબતે સીટી એન્જીનીયરશ્રી તથા તેને સમકક્ષ અધિકારીશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

**63.** દરેક પ્રકારની પાઈપ લાઈન તથા વાલ્વ વિગેરેનાં રીપેરીંગ, નવા/જુના વાલ્વ ફિક્સીંગ કરવા માટે લોકેશન/સ્થળ/ઊંચાઈ/ઉંડાઇ સુધી પહોચવા માટેની દરેક પ્રકારની વ્યવસ્થા કોન્ટ્રાક્ટરશ્રીએ કરવાની રહેશે. જેનું કોઈપણ પ્રકારનું અલગથી ચૂકવણુ કરવામાં આવશે નહિ.

**64.** આ ટેન્ડરમાં વોટર વર્કસ શાખા નાં નેટવર્કને ધ્યાને રાખી કામગીરીની સરળતા ખાતર અલગ અલગ બે વિભાગ પાડવામાં આવેલ છે. કોઈપણ બીડર બે પૈકી એક અથવા એકથી વધુ વિભાગમાં ભાવો ભરી



**Signature of bidder with seal:**

શકશે. પરંતુ એકથી વધુ વિભાગમાં L1 બીડર તરીકે આવશે તેવા કિસ્સામાં સામાન્ય સંજોગોમાં એક વિભાગનું કામ અત્રેથી આપવામાં આવશે. આમ છતાં સદરહું બાબતે સીટી એન્જીનીયરશ્રી તથા તેને સમકક્ષ અધિકારીશ્રી નો નિર્ણય આખરી ગણાશે. તેમજ અલગ અલગ વિભાગના ટેન્ડર એગ્રીમેન્ટ અલગ અલગ કરવાના રહેશે.

**65.** આ ટેન્ડરમાં વોટર વર્કસ શાખા બલ્ક વોટર નેટવર્કને ધ્યાને રાખી કામગીરીની સરળતા ખાતર અલગ અલગ બે વિભાગ પાડવામાં આવેલ છે. જેમાં દરેક વિભાગના કામ માટે સિલેક્ટ થયેલ એજન્સી/કોન્ટ્રકટરે તેમના સિવાયના વિભાગ/ઝોનમાં કામ સોપવામાં આવે તો શરત નં.૨૬ મુજબ કામ કરી આપવાનું રહેશે.

**66.** ડી-બાર/બ્લેક લીસ્ટ/સસ્પેન્ડ/ડીસમીસ વિગેરે કોઇ પણ પ્રકારે ડિસ-ક્વોલિફાય થયેલ એજન્સી ટેન્ડર ભરવા માટે બિનઅધીકૃત ગણાશે.

**67.** એજન્સીએ ઓન-લાઈન ટેન્ડરના ભાવ ભરી ત્યારબાદ જરૂરી ટેન્ડર ફી નો ડીમાન્ડ ડ્રાફટ, અર્નેસ્ટ મની ડીપોઝીટનો ડીમાન્ડ ડ્રાફટ તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો નિયત સમય મર્યાદામાં સુચવેલ લગત ડિપાર્ટમેન્ટમા રજુ કરવાના રહેશે.

**68.** જે એજન્સીઓને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગુનાહિત બેદરકારી સબબ નોટીસ આપવામાં આવેલ હોય કે પોલીસ ફરિયાદ દાખલ કરાવવામાં આવેલ હોય તેવી એજન્સીઓ તેમજ તેવી એજન્સીઓની પ્રોપ્રાઈટરશીપ ધરાવતા કોન્ટ્રાકટરશ્રીઓની અન્ય એજન્સીઓ રાજકોટ મહાનગરપાલિકાના ઝોનલ ટેન્ડર કામોમાં ભાગ લઈ શકશે નહિં. આમ છતાં કોઈ એજન્સી ટેન્ડર ભરશે તો તે બાબતે લીગલ શાખાનો અભિપ્રાય મેળવી ટેન્ડર અરજીની માન્યતા નક્કી કરવામાં આવશે.

**69.** કોન્ટ્રાકટરે તેમને સોંપાયેલ ઝોનની કામગીરી દરમ્યાન સેન્ટ્રલ સ્ટોર (એન્જી.) માંથી મેળવેલ વાલ્વનું ફીટીંગ કર્યા બાદ વાલ્વના બોડી નંબર સ્પષ્ટ વાંચી શકાય તે રીતનો ફોટોગ્રાફ તેમજ તેમને ઈસ્યુ થયેલ વાલ્વનું ફીટીંગ સાઈટ પર થયેલ છે તે મતલબનું પ્રમાણપત્ર બિલની માંગણી સાથે રજુ કર્યા બાદ જ આ કામનું ચુકવણું કરવામાં આવશે.

**70.** ભાવ ભરનાર એજન્સીએ તેમની વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થયેલ નથી તે અંગેનું તથા કયાંય બ્લેક લીસ્ટ કરવામાં આવેલ નથી તે અંગે સોગંદનામું સ્ટેમ્પ પેપર ઉપર કરી નોટરાઈઝ કરાવી ટેન્ડર સાથે રજુ કરવાના થતા જરૂરી દસ્તાવેજ સાથે જ રજુ કરવાનું રહેશે.

**71.** ઝોનલ કામે એજન્સી પોતાના જે ભાવ ઓન-લાઈન રજુ કરશે તે ભાવો ખુબજ ઓછા/ખુબજ વધુ જણાયે તેવા સંજોગોમાં તેનું રેઈટ એનાલીસીસ રજુ કરવા જણાવવામાં આવશે જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકાને એજન્સીના આવેલ ભાવ રજુ કરેલ રેઈટ એનાલીસીસ મુજબ યોગ્ય લાગશે તો જ સ્વિકારવામાં આવશે અન્યથા સ્વિકારવામાં આવશે નહિ. આ અંગે રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી તથા એજન્સીને બંધનકર્તા રહેશે.

**72.** ઝોનલ કામે એજન્સીને મોબાઈલ/એસ.એમ.એસ./વોટ્સએપ દ્વારા કામ કરાવવા જણાવવામાં આવશે જે વર્ક ઓર્ડર ગણી એજન્સીએ તુરત જ કામ ચાલુ કરી દેવાનું રહેશે. અન્યથા મોબાઈલ/એસ.એમ.એસ./વોટ્સએપ ના રેકર્ડ આધારિત પેનલ્ટી વસુલ કરવામાં આવશે તેમજ નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.



**Signature of bidder with seal:**

**73.** પ્રોપ્રાઈટરના નામનો કેઈસ થાય ત્યારે એજન્સીની સાથો સાથ પ્રોપ્રાઈટર પણ બ્લેકલીસ્ટ થશે. એગ્રીમેન્ટ પૈકીના પ્રોપ્રાઈટર અને તમામ પાર્ટનર બ્લેક લીસ્ટેડ ગણવામાં આવશે. ડોકયુમેન્ટ વેરીફીકેશન કરાવતી વખતે પાર્ટનરશીપ ડીડ રજુ કરી વેરીફાઈ કરાવવાનું હેશે.

**74.** એજન્સીએ ઓન-લાઈન ટેન્ડરના ભાવ ભરી ત્યાર બાદ જરૂરી ટેન્ડર ફી અને અર્નેસ્ટ મનીનો ડીમાન્ડ ડ્રાફ્ટ તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો નિયત સમય મર્યાદામાં રજુ કરવાના રહેશે. અન્યથા સદરહુ કામે જે તે એજન્સીને ડિસ-કવોલિફાય ગણવામા આવશે.

**75.** ફિલ્ટર પ્લાન્ટ કે પમ્પીંગ સ્ટેશન તેમજ અન્ય જગ્યા એ રીપેરીંગ કામ અન્વયે કરવાના થતા વેલ્ડીંગ તેમજ અન્ય કામો માટે જરૂરી જણાય ત્યારે ઈલેક્ટ્રીક પાવર સપ્લાય કોન્ટ્રાક્ટરશ્રી દ્વારા પોતાના જોખમે અને ખર્ચે લેવાનું રહેશે તેમજ લગત ઈલેક્ટ્રીક વિભાગને આગોતરી જાણ કરવાની રહેશે. તથા સલામતીની પુરતી તકેદારી રાખવાની રહેશે. તેમ છતાં કોઈપણ પ્રકાર નો અકસ્માત બને તો તે બાબતે સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરશ્રી ની રહેશે.

**76.** પાઈપલાઈન ના લિકેજ રીપેરીંગ વખતે લિકેજ શોધવા માટે ફક્ત ખોદાણ કરવામા આવેલ હોય તેવા સંજોગોમા ફક્ત ખોદાણ તથા વધારાની માટી ઉપાડવાનુ જ ચુકવણુ કરવામા આવશે.

**77.** જો પાઈપલાઈન પર રીપેરીંગના કિસ્સામા ખોદાણ માટે JCB, રીપેરીંગ માટેના લેબર તથા મટીરીયલ ચાર્જ વિગેરે અલગથી ચુકવણું કરવામાં આવે તેવા કિસ્સામા SOR મુજબના જોબકામ તરીકેનુ અલગથી ચુકવણુ કરવામા આવશે નહિ.

**78.** આ ટેંડર કામમાં દર્શાવેલ સમગ્ર ઝોન એરીયા માટે એજન્સી દ્વારા એક જ ભાવ ભરવાનો રહેશે તથા જે ભાવો ભરવામાં આવે તેમાં શહેરની હદ બહાર આવેલ જેવા કે, ન્યારા,બેડી, વિગેરે વિસ્તારો માટે સીટી વિસ્તારના ભાવો કરતા ૫% વધુ ભાવો આપવામાં આવશે

**79.** આ Zonal contract હેઠળ એજન્સી એ રૂ- ૨,૦૦,૦૦૦/- લાખ સુધીની મર્યાદાનાં જુદા-જુદા કામો અત્રેની સૂચના અનુસાર કરવાના રહેશે.

**80.** અન્ય સામાન્ય શરતો:

| ક્રમ નં. | ઉપયોગમાં લેવામા આવતા સાધનો | શરતો |
|---|---|---|
| ૧ | **JCB/ Crane /Hydro** | રીપેરીંગ કામ દરમ્યાન જરૂર જણાયે **JCB/ Crane /Hydro** નો ઉપયોગ કરવાનો થાય ત્યારે **JCB/ Crane /Hydro** નું ભાડું સાઈટ ઉપર આવ્યાના સમયથી ઓછામાં ઓછું ભાડું ૪.૦૦ કલાક આપવામાં આવશે. ચાર કલાકથી વધુ તથા આઠ કલાકથી ઓછા કલાકો માટે વધારાના દર કલાક મુજબના ભાવ ચુકવવામાં આવેશે. આઠ કલાક માટે શિફ્ટ ડ્યુટી મુજબના ભાવ ચુકવવામા આવશે. જો આ કામગીરી આઠ કલાકથી વધુ થાય તો વધારાની કલાકો માટે પ્રતિ કલાક **SOR** મુજબ ચુકવણુ કરવામાં આવશે. |
| ૨ | **Generator Set** | રીપેરીંગ કામ દરમ્યાન જરૂર જણાયે **Generator Set** નો ઉપયોગ કરવાનો થાય ત્યારે **Generator Set** નું સાઈટ ઉપર મશીન આવ્યાના સમયથી ઓછામાં ઓછું ભાડું ૪.૦૦ કલાક આપવામાં આવશે. ૪.૦૦ કલાકથી વધારેની કામગીરી માટે **Generator Set**ની કલાકો માટે પ્રતિ |



**Signature of bidder with seal:**

| | | |
|---|---|---|
| | | કલાક **S.O.R.**નાં બાર કલાકના ભાવનું પ્રો-રેટા બેઝીસ મુજબ ચુકવણુ કરવામાં આવશે |
| ૪ | **Air valve/sluice valve/butterfly valve repairing** | એર-વાલ્વના જોબકામમાં રીપેરીંગમાં એર-વાલ્વના દડાનો સમાવેશ થતો નથી, જેથી તેનું ચુકવણું અલગથી કરવામાં આવશે. સ્લુઝ વાલ્વ ફિક્સીંગ/રીપેરીંગ દરમ્યાન દરેક સાઈઝના વાલ્વ માટે નવા નાખવામા આવેલ નટ-બોલ્ટ, રબ્બરશીટનુ અલગથી ચુકવણુ કરવામાં આવશે. |
| ૫ | **Welding work** | જરૂર જણાયે ગેસ વેલ્ડીંગ કરવાનું થાય ત્યાં કરી આપવાનું રહેશે. જેનું ચુકવણું RMC SOR.માં દર્શાવેલ ઈલેક્ટ્રીક વેલ્ડીંગની આઇટમ અનુસાર કરવામાં આવશે. |
| ૬ | **M.S special/ Lead wool/ Nutt-Bolt/ Rubber Sheet** | વજન આધારીત કોઈપણ આઇટમ વાપરવાની થાય ત્યારે કોન્ટ્રાક્ટરશ્રી એ સ્વખર્ચે લગત અધિકારીની/કર્મચારીની હાજરીમાં વજન કરી આપવાનું રહેશે. તેમજ વજનચિઠ્ઠી રજુ કરવાની રહેશે. |

ઉપરોક્ત શરતો અને સમજુતી અમે વાંચી છે જે કરારનામાના ભાગ તરીકે સ્વીકારીએ છીએ તથા તે અમોને બંધનકર્તા છે તથા વોટર વર્કસ શાખાના ૨૦૨૩-૨૦૨૪ નાં વર્ષ માટેના મંજુર થયેલ શેડ્યુલ ઓફ રેઈટસ મુજબ કામો કરવા અમો બંધાઈએ છીએ. જે બદલ આ નીચે સહી કરી આપેલ છે.

કોન્ટ્રાકટરની સહી તથા સિક્કો
સ્થળ:રાજકોટ
તા.

| | | |
|---|---|---|
| મ.ઈ./અ.મ.ઈ.<br>વોટર મેનેજમેન્ટ યુનિટ<br>રાજકોટ મહાનગરપાલિકા | નાયબ કાર્યપાલક ઈજનેર<br>વોટર મેનેજમેન્ટ યુનિટ<br>રાજકોટ મહાનગરપાલિકા | એડી. સિટી એન્જીનીયર<br>વોટર મેનેજમેન્ટ યુનિટ<br>રાજકોટ મહાનગરપાલિકા |

:: એનેક્ષર ::



**Signature of bidder with seal:**

(રૂ.૩૦૦/- નાં સ્ટેમ્પ પેપર ઉપર- નોટરાઈઝડ કરેલ)

:: સોગંદનામું ::

હું./અમો .............................................................................................આથી જાહેર કરૂ છું/કરીએ છીએ કે ભારત સરકાર/ગુજરાત સરકાર અથવા અન્ય રાજ્ય બોર્ડ/ કોર્પોરેશન દ્વારા અમો/અમારી કંપની ને <u>બ્લેક લિસ્ટ /ટર્મિનેટેડ / ડી – બાર / સસ્પેન્ડ</u> કરવામાં આવેલ નથી અને કંપની/ સંસ્થાની શરૂઆત થી આજદિન સુધી કોઈ પણ ઇન્કવાયરી/કેસ પેન્ડીંગ નથી. વધુમાં મારી/ અમારી વિરુદ્ધ કોઈ પ્રકારની પોલીસ ફરિયાદ થયેલ નથી. સદરહુ કામે રજુ કરેલા વેરીફાય કરાવવાના થતા તમામ ઓરીઝીનલ ડોક્યુમેન્ટસ સાચા છે.

આથી હું/અમો ફરી ખાતરી આપું છું/આપીએ છીએ કે ઉપરોકત સોગંદનામું ખોટું/અસત્ય અથવા ગેરમાર્ગે દોરનાર સાબિત થશે તો મારૂ/અમારૂ ટેન્ડર રદબાતલ ગણાશે.

તારીખ: એજન્સીના અધિકૃત વ્યક્તિની સહી

સ્થળ: તથા સિક્કો

| Sr No | Name of work | Percentage rate Quoted rate Equal/ Above/ Below the rates of SOR approved for the year 2023-2024 |
|---|---|---|
| 1 | **Zonal Contract for Pipeline Maintenance & New Pipeline work in Filter Plant, ESR-GSR, Pumping Station and relavent Area of Zone under Water Management Unit in combined zone of EAST ZONE [zone iii]& Nyara-Hadala-Bedi area (Zone-iv) for the Year 2025-26**<br>(ઉપરોક્ત કામગીરીનો વિસ્તાર શરતો અને સમજુતી મુજબનો રહેશે.) | **To be quoted Electronically** |

**I/We agree to carry out the above said work at the rates quoted as above.**

______________________________

**Signature of bidder with seal:**

Addi. CITY Engineer
Water Management Unit
Rajkot Municipal Corporation



_________________________

**Signature of bidder with seal:**

R.M.C./C./૬૩૨

કમિશ્નર વિભાગ,
રાજકોટ મહાનગર સેવાસદન
તા. ૧૦/૬/૨૦૧૩

<u>હુકમ :–</u>

**વિષયઃ– ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડર પધ્ધતિથી મંગાવવામાં આવતી તમામ પ્રકારની ઓફરો સાથે <u>બિનઅધિકૃત રજુ થતાં ડોક્યુમેન્ટસ સામે કડક કાર્યવાહી હાથ ધરવા બાબત.</u>**

**સંદર્ભ :–** <u>આ અગાઉનાં પરીપત્ર નં. આર.એમ.સી./સી./૩૨૯, તા.૨૨/૧૨/૨૦૧૨.</u>

રાજકોટ મહાનગર સેવાસદનના ત્રણ ઝોનનાં તમામ વોર્ડમાં શહેરનાં વિકાસ તથા જાળવણી માટે વિવિધ કામગીરી કરાવવા ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડર પધ્ધતિથી અલગ અલગ એજન્સીઓ પાસેથી સ્પર્ધાત્મક ધોરણે અખબારી પ્રસિધ્ધિથી ભાવો ટુ બીડ સીસ્ટમ (૧) ટેકનીકલ બીડ (૨) પ્રાઈઝ બીડ થી મંગાવવામાં આવે છે.

સંદર્ભના પ્રસિધ્ધ કરેલ પરીપત્ર મુજબ તમામ ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડરથી મંગાવવામાં આવતાં ભાવો સાથે ભાવ ભરનાર એજન્સીઓ / બીડરો દ્વારા ટેન્ડર બીડ માટે રજુ કરવાનાં થતાં તમામ ડોક્યુમેન્ટસ ફરજીયાતપણે ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ રજુ કરવા આદેશ કરવામાં આવેલ છે. જે સંબંધે નીચે મુજબનાં હુકમની અમલવારી તાત્કાલીક અસરથી કરવા આદેશ કરવામાં આવે છે.

(૧) તમામ ટેન્ડરકામોના ટેકનીકલ બીડ ઓપન કરતી વખતે જે ટેન્ડર બીડ ભરનાર એજન્સીઓ દ્વારા તમામ ડોક્યુમેન્ટસ કે તે પૈકી કોઈપણ એક ડોક્યુમેન્ટસ ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ રજુ કરેલ ન હોય તો રજુ થયેલ ટેકનીકલ બીડ ઓપન કરવાની કાર્યવાહી દરમ્યાન ટેકનીકલ બીડ ઓપન કરનાર સંબંધીત અધિકારીશ્રી / કર્મચારીશ્રીએ Disqualify પ્રકારનો રબ્બર સ્ટેમ્પ બિનઅધિકૃત રજુ થયેલ ટેન્ડરનાં તમામ પાને લગાવી ટેકનીકલ બીડમાં ટેન્ડર Disqualify ફરજીયાતપણે કરવાનું રહેશે.

જે ટેન્ડર ખરી નકલ કે સેલ્ફ એટેસ્ટેડ સાથે રજુ થયેલ નથી, તેવું ટેકનીકલ બીડમાં ધ્યાને આવ્યેથી રજુ થયેલ ટેન્ડરને Disqualify ન કરી, તે બીડરનું જો પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે તો આવા પ્રાઈઝ બીડ ખોલનાર તમામ સંબંધીત અધિકારીશ્રી / કર્મચારીશ્રી સામે સખત શિક્ષાત્મક પગલાં લેવાની ફરજ પડશે.

(૨) તમામ ટેન્ડરોનાં કિસ્સાઓમાં સંબંધીત ખરી નકલમાં રજુ થયેલ તમામ ડોક્યુમેન્ટસની મુળ (ઓરીજીનલ)નકલ મંગાવી તેની ખરી નકલની ચકાસણી ફરજીયાતપણે સંબંધીત ડી.ઈ.ઈ.શ્રી તથા મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રીએ કરવાની રહેશે. **<u>જે મુળ નકલ સાથે વેરીફાય કર્યાની સહી ફરજીયાતપણે દરેક ખરી નકલમાં સંબંધીત ડી.ઈ.ઈ.શ્રી / મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રીએ કરવાની રહેશે. તે પહેલાં તે ટેન્ડરની પ્રાઈઝ બીડ ઓપન કરી શકાશે નહી.</u>** જેમાં ફરજચૂક થયેથી સંબંધીત જવાબદાર ડી.ઈ.ઈ.શ્રી / મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રી ની સામે કડક ખાતાકીય પગલાં લેવાની ફરજ પડશે.

(૩) ક્રમ નં.(૧) તથા (૨) મુજબની ચકાસણી કરવા છતાં જે કિસ્સામાં ટેકનીકલ બીડ ઓપન કરતાં બીડર દ્વારા કોઈપણ પ્રકારનાં ફ્રોડ ડોક્યુમેન્ટસ રજુ કરી કામ મેળવવા માટે પ્રયાસ કર્યાનું સાબિત થશે, તેવા કિસ્સામાં બીડર / એજન્સીને બ્લેકલીસ્ટ કરી, આવા બીડર સામે ફરજીયાતપણે ફોજદારી કાર્યવાહી સંબંધીત શાખાના વડા તથા વીજીલન્સ અધિકારીશ્રી (પ્રોટેકશન) દ્વારા જોઈન્ટલી દિન–૭ માં કરવા આદેશ કરવામાં આવે છે. જેની લેખિતમાં



**Signature of bidder with seal:**

જાણ તાત્કાલીક અત્રે કરવાની રહેશે. જેમાં ચૂક થયેથી સંબંધીત તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રી સામે કડક પગલાં લેવા ફરજ પડશે.

(૪) સંદર્ભનો પરીપત્ર તથા આ હુકમ તમામ પ્રકારનાં ટેકનીકલ કામના દરેક ટેન્ડર પ્રસિધ્ધ કરતી વખતે ટેન્ડરનો હિસ્સો ગણી ટેન્ડરના ભાગ તરીકે પ્રસિધ્ધ કરવાનું ફરજીયાત રહેશે, તથા બીડર દ્વારા ટેન્ડરમાં પ્રસિધ્ધ થતાં સંદર્ભનાં પરીપત્ર તથા આ હુકમનાં દરેક પાને સહી સિકકા સાથે ભરેલ ટેન્ડરની ટેકનીકલ બીડ ફરજીયાત રજુ કરવાની રહેશે.

ઉપરોક્ત હુકમનો તાત્કાલીક અસરથી ચુસ્તપણે અમલ કરવા આદેશ કરવામાં આવે છે.

કમિશ્નર
રાજકોટ મહાનગર સેવાસદન

<u>નકલ રવાના (જાણ અર્થે):–</u>
નાયબ કમિશ્નરશ્રીઓ (તમામ)

<u>નકલ જાણ તથા અમલવારી અર્થે</u> :–
(૧) સહાયક કમિશ્નરશ્રીઓ (તમામ)
(૨) શાખાધિકારીશ્રીઓ (તમામ)



**Signature of bidder with seal:**

આર.એમ.સી./સી. ૩૨૮

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ
તા.૨૨/૧૨/૨૦૧૨

## પરિપત્ર:-

ઇ-ટેન્ડર પદ્ધતિ / ઓપન ટેન્ડર પદ્ધતિથી માંગવામાં આવતી ઓફરોમાં એજન્સીઓ દ્વારા ટેકનીકલ બીડમાં રજુ કરવામાં આવતા ડોક્યુમેન્ટ્સ જેવા કે ટર્નઓવર, અનુભવના પ્રમાણપત્રો વિગેરે ખરી નકલમાં રજૂ કરવામાં આવતા નથી. આથી હવે પછીથી એજન્સીઓ દ્વારા રજૂ થતાં ટેકનીકલ બીડમાં રજુ કરવામાં આવતા ડોક્યુમેન્ટ્સ ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ હોવા જરૂરી છે તેમજ જે એજન્સીનું ટેન્ડર ટેકનીકલ બીડમાં ક્વોલીફાય થાય અને ખરી નકલ ગેઝેટેડ ઓફીસર મારફત પ્રમાણિત કરાવેલ ન હોય તેવા કેસમાં તેના ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સ પ્રાઇસબીડ ખોલતા પહેલા ચકાસી અને ખરી નકલ રજૂ કરાવીને જ ખોલવાના રહેશે તથા આ બાબતનું શાખાધિકારીશ્રીઓએ ચુસ્તપણે પાલન કરાવવાનું રહેશે. આમ ન થયેથી પુરતી ચકાસણીને અભાવે જો કોઇ એજન્સીને ખોટા કે અધુરા આધારો સાથે કામ આપવાની ક્ષતિજનક બાબત જાણમાં આવ્યે તે ટેન્ડર ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરનાર કર્મચારીશ્રીઓ તેમજ શાખાધિકારીશ્રીની જવાબદારી નક્કી કરવામાં આવશે, જેની સર્વે શાખાધિકારીશ્રીઓએ નોંધ લેવી.

ઉપરોક્ત બાબતનો અમલ તાત્કાલિક અસરથી કરવો.

22/12

કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

**નકલ રવાના :- (જાણ અર્થે)**

- નાયબ કમિશનરશ્રીઓ (તમામ)

**નકલ જાણ તથા અમલવારી અર્થે :-**

- સહાયક કમિશનરશ્રીઓ (તમામ)
- શાખાધિકારીશ્રીઓ (તમામ)



Signature of bidder with seal:

**જાહેરનામુ**

**ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

ક્રમાંક: એસ.બી./મજુર/જાહેરનામુ/૧૬૩૫/૨૦૧૪.
પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,
રાજકોટ શહેર,રાજકોટ.
તા.૨૬/૦૪/૨૦૧૪

તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળમાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હા વાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં જુદી જુદી ઔદ્યોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરી કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઇપ લાઇન માટે ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રેકીંગ કરી આજુબાજુની સ્થાનિક પરીસ્થિતીનુ સર્વે કરી માહિતગાર થઇ મિલ્કત વિરુધ્ધના ગુન્હાઓ આચરતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે જેથી જાહેર જનતાની જાન-માલ (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું મોહન ઝા (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ફોજદારી કાર્યરીતી અધિનીયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છુ કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમા લેબર કોન્ટ્રાકટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનીક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનીક પો.સ્ટે.મા કરવાની રહેશે

| | | | |
|---|---|---|---|
| ૧ | લેબર કોન્ટ્રાકટર / મુકાદમ (સપ્લાયર) નુ પુરૂ નામ સરનામુ મો.નં., નંબર સહિત | :- | |
| ૨ | મજુરનુ નામ તથા ઉ.વ. | :- | |
| ૩ | મજુરનું હાલનુ સરનામુ ટેલીફોન નંબર | :- | |
| ૪ | મજુરનુ મુળ વતનનું સરનામું ગામ, તાલુકો, જીલ્લો | :- | |
| ૫ | હાલની મજુરીનુ સ્થળ / કંપનીનુ નામ | :- | |
| ૬ | મજુરનુ વતનનું સ્થાનીક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર | :- | |
| ૭ | મજુરના વતનના આગેવાનનું નામ, સરનામુ, ટેલીફોન નંબર | :- | |
| ૮ | મજુર અગાઉ કોઇ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત | :- | |
| ૯ | ક્યારથી મુકાદમે / કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે | :- | |
| ૧૦ | મજુરનુ ઓળખ માટેનુ આઇ.ડી.પ્રુફ (ફોટા સાથે નું) | :- | |
| ૧૧ | રાજકોટ શહેરમાં કઇ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઇ તારીખે જવાનો છે ? | :- | |
| ૧૨ | રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઇ હોયતો તેનુ નામ, સરનામુ | :- | |

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગુઠાનુ નિશાન........................................
મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહિ........................................
નામ........................................

આ હુકમ તા. ૦૧/૦૫/૨૦૧૪ થી તા.૩૦/૦૬/૨૦૧૪ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.



Signature of bidder with seal:

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૧૫ એપ્રીલ-૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(મોહન ઝા)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર,રાજકોટ

<u>નકલ રવાના:-</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.
(૫) ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
(૬) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટ.
(૭) કલેકટરશ્રી , રાજકોટ શહેર.
(૮) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૯) નિયામકશ્રી, માહીતી ખાતું ડૉ.જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય બ્લોક નં.૭, બીજા માળે,ગુ.રા., ગાંધીનગર.
(૧૦) જીલ્લા સરકારી વકિલશ્રી, સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૧૧) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૨) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, પૂર્વ/ પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.
(૧૩) આર્મ.કમિશ્નરશ્રી, (ઇન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૪) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/પો.ઇન્સ.શ્રી. રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૫) તમામ પો.સ્ટે.ઇન્ચાર્જશ્રીઓ,રાજકોટ શહેર(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૬) તમામ શાખાઓ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૭) કન્ટ્રોલ ઇન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (૧૦ નકલ) વર્તમાનપત્રોને આપવી.
(૧૮) લેબર કમિશ્નરશ્રી, ... તમામ ખાનગી સંસ્થાઓને અવગત કરવા સારૂ

<u>નકલ વિનિતય રવાના:-</u>

(૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.સોલારોડ અમદાવાદ.
(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૩) રજીસ્ટ્રારશ્રી, ચીફ જ્યુડીશ્યલ મેજી.ની કોર્ટ, રાજકોટ.
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ જજ કોર્ટ, રાજકોટ.
(૫) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ શહેર.
(૬) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ તાલુકા.
(૭) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)



Signature of bidder with seal: